# ટ્રેક નં. ૬૮ : ગુણસ્થાન વિષે

✱ ગુણસ્થાનો એટલે મોક્ષમાર્ગની સીડી? એ શું છે? પર્યાય કે ગુણ? એ સમજવા હું તો જાઉં છું પૂજ્ય બેનશ્રી પાસે.

✱ માંગલિક :

✱ ભક્તિ : અબંધ નિષ્કષાય હો, જુ કર્મ પાસ ના રહી,
જો સંગકો પ્રસંગ નાહી, શુદ્ધરૂપ આપ હી.
અનંત સૌખ્યકે સમુદ્ર અનંત જ્ઞાનધીર હો.
જુ કર્મકો નિવારી આ, શામ ખંડવીર હો

✱ પ્રશ્ન : દેવ-શાસ્ત્ર-ગુરુનો વિવેક ક્યા ગુણસ્થાન સુધી રહેતા હશે ?

● ઉત્તર : ઠેઠ સુધી રહે છે. મુનિઓને પણ દેવગુરુ શાસ્ત્રનું પ્રયોજન રહે છે. ઈ બુદ્ધિપૂર્વક છઠા ગુણસ્થાન સુધી, સાતમે ગુણસ્થાન સુધી અબુદ્ધિપૂર્વક થઈ જાય છે. સાતમેથી આઠમે નવમે અબુદ્ધિપૂર્વક. વીતરાગદશા થાય પછી છૂટી જાય છે. ત્યાં સુધી રહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રનું પ્રયોજન, રુચિ આત્માની જેને થાય એને રુચિવાળાને દેવ-ગુરુ-શાસ્ત્રનું પ્રયોજન હોય છે. સમ્યગ્દર્શનમાં પણ દેવ-ગુરુ-શાસ્ત્રનું પ્રયોજન હોય છે અને ચારિત્ર દશા મુનિને પ્રગટે તો પણ એને દેવ-ગુરુ-શાસ્ત્રનું પ્રયોજન હોય છે. મહાવ્રત ને અણુવ્રત તો શ્રાવકોને અણુવ્રત અને મુનિઓને મહાવ્રત. એની સાથે પણ દેવ-ગુરુ-શાસ્ત્રનું પ્રયોજન હોય છે. આચાર્યદેવ પ્રવચનસારમાં કહે છે કે 'હું જે દીક્ષા લઉં એની સાથે પંચ પરમેષ્ઠી ભગવંતો મારી સાથે રહેજો. હું તમને બધાને બોલાવું છું. બધા મારી સાથમાં રહેજો.' આચાર્યો પણ એમ જ કહે છે. મુનિઓ ને આચાર્યો પણ દેવ-ગુરુ-શાસ્ત્રને સાથે જ રાખે છે. અંતર છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝૂલે તો તેને શુભ ભાવનામાં દેવ-ગુરુ-શાસ્ત્ર હોય છે. એની ભાવનામાં હોય છે. બહારનો સંયોગ (જોતા) એની ભાવનામાં એવું હોય છે. દેવ-ગુરુ-

શાસ્ત્ર મારી સાથે રહેજો એમ કહે છે. તો સમ્યગ્દર્શનમાં તો હોય જ છે અને રુચિવાળાને પણ હોય છે. ૧.

✻ પ્રશ્ન : મુનિ મહારાજને એવો વિકલ્પ નથી હોતો કે હું શ્રેણી માંડું. તેમની તીવ્રતા એટલી વધી ગઈ હોય છે કે સહજ શ્રેણી માંડી દે.

● ઉત્તર : વિકલ્પ નથી હોતો. હું શ્રેણી માંડુ એવો વિકલ્પ નથી હોતો. એની પરિણતિની ગતિ જ એવી થઈ જાય કે વારંવાર સ્વરૂપમાં લીનતા, અંતરમાં લીનતા સિવાય બહાર ટકી શકતા નથી. એવી તો દશા છેક અંતરમુહૂર્તથી બહાર તો વધારે રહી શકતા નથી. અંતર્મુહૂર્ત બહાર જાય ત્યાં અંતરમાં પરિણતિ પલટો જ ખાય છે. એથી વધારે એ બહાર ટકી શકતા નથી. એટલી પરિણતિ પોતાના સ્વરૂપ તરફ ચાલી ગઈ છે કે, એટલી લીન પરિણતિ પોતામાં છે કે બહાર ટકી શકતા નથી. એમ કરતાં કરતાં એની પરિણતિ એટલી જોરદાર પોતાના સ્વરૂપ તરફ થઈ જાય કે એમાંથી એને શ્રેણી વધી જાય છે. એમ વિકલ્પ નથી કરતા કે હું શ્રેણી માંડુ. એની અંદર સ્વરૂપમાં એટલી બધી જમવટ થઈ જાય છે એની– નિર્વિકલ્પદશામાં એટલી જમવટ થઈ જાય છે કે એમાંથી એને શ્રેણી થઈ જાય છે. ઈ અંતર્મુહૂર્તની દશા છે. એવી શ્રેણી થઈ જાય કે અબુદ્ધિપૂર્વક જ વિકલ્પ તો નિર્વિકલ્પ દશામાં અબુદ્ધિપૂર્વક થઈ જાય પણ એવી જોરદાર પરિણતિ થઈ જાય કે સ્વરૂપની લીનતાની કે એમાંથી શ્રેણી માંડી અને ઈ લીનતા એવી થાય કે પછી બહાર જ ન આવે. એવી ક્ષપક શ્રેણી મંડાય જાય તો પછી, અંદર લીનતા થઈ તે થઈ પછી બધા વિભાવનો ક્ષય થઈ જાય. વિભાવ પરિણતિ ક્ષય થઈ જાય એટલે બધા કર્મનો ક્ષય થઈ જાય છે અને અંતરમાં પરિણતિ ગઈ તે ગઈ પછી પાછા જ નથી અવાતું. એવી લીનતા કે અંતર્મુહૂર્ત પણ બહાર ચાલ્યા જતાં. એ બહાર પણ ટકી શકી શકતા નથી. અંદરમાં એવી જમવટ થઈ, કે બસ! સાદિ અનંત એમાં ટકી જ ગયા. એમાં

ટકી ગયા, એમાં જે પરિણતિ ટકી ગઈ તે આનંદ દશા, સાદિ અનંત પ્રગટ થઈ અને જ્ઞાનની નિર્મળતા થઈ ગઈ. જ્ઞાનની પરિણતિ એક અંતરમુહૂર્તે જાણી શકાતું તે જ્ઞાન એક સમયમાં બધું જાણી શકે છે એવી પરિણતિ વીતરાગ દશા થઈ એટલે જ્ઞાન પણ એવું નિર્મળ થયું.

એનો જે સ્વભાવ છે એક સમયમાં જાણે સ્વ-પર. બીજાને જાણવા જાતું નથી જ્ઞાન, પણ પોતે પોતામાં જ્ઞાનની પરિણતિ બધી સ્વ તરફ જ વળી ગઈ. પોતે પોતાને જાણતા પર સહજે જણાય જાય છે. આખું લોકાલોક અને પોતે સ્વયં આત્મા. આત્માના અનંતગુણ, પર્યાયો ને બીજાના સહજ. પોતાને જાણતા બધું જણાય જાય છે. એની પરિણતિ સહેજે. એ વિકલ્પ નથી હોતો કે હું શ્રેણી માંડું ને કેવળજ્ઞાન થાતું નથી. મને વીતરાગ દશા થાય ને મારા સ્વરૂપમાં લીનતા કરે. બીજું બહાર મારે ક્યાંય જાવું નથી. એ વિભાવ પરિણતિ ગોઠતી નથી એટલે સ્વરૂપમાં એવી લીનતા જમવટ થઈ ગઈ? આ આત્મા સિવાય મને ક્યાંય ચેન નથી. આત્મામાં એટલી લીનતા થઈ ગઈ કે પછી બહાર જ નથી આવતા. અંદર ગ્યા તે ગયા, સ્વરૂપમાં સમાયા તે સમાયા. બહાર જ ન આવ્યા, એવી પરિણતિ થાય એટલે વીતરાગ દશા ને કેવળજ્ઞાનની દશા પ્રગટ થઈ જાય છે. ૨.

*** પ્રશ્ન : એમને કોઈપણ દશાની ઇચ્છા ન કરવી પણ આત્મામાં જ લીનતા કરવી?**

● ઉત્તર : કોઈ દશાની ઈચ્છા ન કરવી. એક આત્માની લીનતા. આત્મામાં સ્વરૂપમાં ઠરી જવું બસ. સ્વરૂપ સિવાય ક્યાંય જાવું નથી. વિભાવમાં ક્યાંય જાવું નથી. એક સ્વરૂપમાં જ રહેવું. બસ એવી પરિણતિની જોરદાર જમવટ થઈ ગઈ કે બસ એમાં કેવળજ્ઞાન થઈ ગયું.

સમ્યગ્દર્શનમાં એ પ્રતીતિ જોરદાર છે કે બસ આમાં જ લીનતા કરું પણ એ લીનતા અમુક પ્રકારે ટકે છે અને બીજો અમુક બહાર આવે છે. એ લીનતાનું જોર વધતાં વધતાં એની ભૂમિકા વધે છે અને ભૂમિકા

વધતાં વધતાં એ પછી મુનિ દશા આવે અને પછી શ્રેણી માંડે છે.

જ્ઞાયકની ધારા ભેદજ્ઞાનની ધારા વધે છે સહજપણે, એમાં એને સ્વરૂપમાં લીનતા નિર્વિકલ્પ દશા થાય એમ કરતાં કરતાં એની ભૂમિકા વધી જાય છે. સ્વરૂપની લીનતા વધતાં વધતાં એની ભૂમિકા ચોથીમાંથી પાંચમી થઈ જાય છે. લીનતા વધે છે એટલે એને અનુકૂળ જે જાતના શુભભાવ હોય એ ભાવ આવે છે. એમાં અમુક વ્રતના ને એ આવે. એમ કરતાં લીનતાની સ્વરૂપમાં રહેવાની ભૂમિકા વધતી જાય છે. એટલે છઠ્ઠું સાતમું ગુણસ્થાન ને મુનિદશા થઈ જાય છે. પછી એવી જ દશા થઈ જાય કે અંતર્મુહૂર્તથી વધારે બહાર ટકી શકતા નથી. એટલે મુનિદશા હોય છે અને મુનિદશામાં રહેતાં રહેતાં એમાં બહાર જ ન જાય એવી લીનતા થઈ જાય એટલે શ્રેણી મંડાય છે. ૩.

*** પ્રશ્ન : એટલે ચોથે ગુણસ્થાનથી તે છેક સુધી લીનતા એ એનો એક જ પુરુષાર્થ?**

● ઉત્તર : એ પુરુષાર્થ લીનતાનો છે. સમ્યક્‌દર્શન પહેલાં સમ્યગ્દર્શનની પ્રતીતનું બળ થાય છે. એ પ્રતીતમાં બળપૂર્વક લીનતા છે. લીનતાની પરિણતિ થાય છે. લીનતા એટલે ચારિત્રની દશા ઉત્પન્ન થાય છે. સમ્યગ્દર્શનપૂર્વક દ્રવ્ય સ્વરૂપનું આલંબન છે. પ્રતીતમાં સ્વરૂપનું—દ્રવ્યનું આલંબન છે. એ આલંબનપૂર્વક લીનતાનું જોર વધતું જાય છે. ૪.

*** પ્રશ્ન : અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના પરિણામ છે. સમ્યક્ દર્શન થતાં પહેલાં અને જે આઠમે નવમે ગુણસ્થાને એ જે કરણ પરિણામો છે એ કરણ પરિણામોમાં એમાં ફેર શું ? અહીંયા અને ત્યાંમાં, ઘણી જગ્યાએ કહેવાય છે કે સમ્યક્‌દર્શન પહેલા અધઃકરણ અને અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ અને સાતમે સાતિશય ગુણસ્થાન, આઠમું ગુણસ્થાન, નવમું ગુણસ્થાન. ત્યાં પણ કરણ અને પરિણામનું નામ તો એ જ આપવામાં આવ્યું છે. એ બેય જાત પરિણામની જાતમાં શું ફેર ?**

● ઉત્તર : સમ્યગ્દર્શનને લગતા પરિણામ છે. સમ્યક્‌દર્શન થાવાનું છે. એ જાતની પરિણામની ધારા ઉપડે છે. અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ એ બધા સમ્યગ્દર્શન પ્રગટ થવાનું છે. એને લગતા પરિણામની વિશુદ્ધિ એવી જાતની છે. અને ઓલા પણે ચારિત્રની વિશુદ્ધિ થાય ત્યાં ઈ એને લગતા પરિણામ થાય છે. ચારિત્રની શુદ્ધિ જેવી વિશેષ નિર્મળતા થાય છે. ઈ પરિણામ પોતે અબુદ્ધિપૂર્વક છે. એમ કાંઈ પકડી શકતા નથી. પણ ભગવાને જે કીધું છે કે આવા પરિણામો જે આવે છે એ ચારિત્રની વિશુદ્ધ નિર્મળતા થાય એને લગતા છે. ને આ સમ્યગ્દર્શનને લગતા છે. પણ બેયના નામ એક જ છે. ૫.

✻ પ્રશ્ન : હવે એમાં તો બીજો પ્રશ્ન એ થાય કે સમ્યગ્દર્શન પૂર્વે આ છે તે શું કહેવા માંગે છે? શુદ્ધભાવરૂપ ન હોય તો એમાં પણ હાનિ-વૃદ્ધિ થાય પરિણામમાં. પણ એમાં વિશુદ્ધિ ગર્ભિતપણે વિશેષ હોય પછી શુભ ભાવ અને અભાવ થઈને એના ફળમાં સમ્યક્‌દર્શન થાય. હવે જ્યાં સાતમે આઠમે નવમે ગુણસ્થાને એ પરિણામો થાય છે તો એ પરિણામ અબુદ્ધિપૂર્વકનો શુભભાવ લેવો કે શુદ્ધ પરિણતિ રૂપના પરિણામ લેવા કે કઈ રીતના લેવા? ત્યાં છે ચારિત્રનું કારણ, ચારિત્રની વિશેષ શુદ્ધિ માટેના?

● ઉત્તર : એમ અંતરમાં તો ચારિત્રની વિશુદ્ધિ થાય છે. એની સાથે ભલે એ મંદ કષાય હોય. ઈ મંદ કષાય—મંદ કષાય તો મંદ કષાય-સંજ્વલનના પરિણામ. એની સાથે જે શુદ્ધિ છે ઈ શુદ્ધિનો ભાગ છે તે શુદ્ધિમાં લેવો અને જે અલ્પ અબુદ્ધિપૂર્વકના મંદ કષાય એ શુભમાં લેવો.

● ઓલો વિશુદ્ધ તો ન લેવો. એનો કંઈ શાસ્ત્રમાં ઈ ખુલાસો નથી આવતો. જે શુદ્ધિ છે તે શુદ્ધિ તરફ. ઓલું મંદ હોય શુભ હોય. ૬

✻ પ્રશ્ન : તો જે ચારિત્રની શુદ્ધિ થાય એ આઠમે, નવમે, ગુણસ્થાન, દસમે ગુણસ્થાને ચારિત્ર એની જે વિશેષ શુદ્ધિ થઈ તો એ

શુદ્ધ પરિણતિની સાથે કારણ અને કાર્ય લેવું કે આમ બુદ્ધિપૂર્વકના રાગની સાથે વ્યવહાર કારણમાં નાખવું. એ શું કહેવા માંગે છે.

● ઉત્તર : અંતરની શુદ્ધિ સાથે કારણ કાર્ય અંતરના લેવા. ઓલું તો વ્યવહાર કારણ. ૭.

પ્રશ્ન : ચતુર્થ ગુણસ્થાનમાં કિતને કિતને દિનોમેં (અનુભવ) આતા રહેતા હૈ. લાંબા ટાઈમ ભી ખીંચ લેતા હૈ.

● ઉત્તર : ઈસકા કાંઈ નિયમ નહીં રહતા હૈ. કોઈ કો જલ્દી હોતા હૈ. કોઈક કો દેરસે ભી હોતા હૈ પણ હોતા તો હૈ. ૮.

* પ્રશ્ન : હોતા તો હૈ?

● ઉત્તર : હોતા તો જરૂર હૈ. કોઈ કો ટાઈમ લંબા લગે. કોઈ બહારમેં ઉપયોગ રહેતા હૈ. કોઈ કોઈ કો જલ્દી હોતા હૈ. જિસકી અંતરકી દશા ઐસે હોતા હૈ પણ ચતુર્થ ગુણસ્થાનમેં સ્વાનુભૂતિ તો હોતી હી હૈ. ૯.

* પ્રશ્ન : ટાઈમ બાર મહિના?

● ઉત્તર : ટાઈમ તો નિયમ બાર મહિના ઐસા નહીં હોતા હૈ ઐસા નહીં હોતા હૈ. બાર મહિના ઐસા નહીં હોતા હૈ. લંબા ટાઈમ નહીં. ૧૦.

* પ્રશ્ન : ફિર ક્યા હોતા હૈ?

ઐસા લંબા ટાઈમ નહીં હોતા હૈ. ૧૧.

* પ્રશ્ન : અંદરકી ક્યા સ્થિતિ હોતી હૈ નિર્ણયકી?

● ઉત્તર : ભેદજ્ઞાનની ધારા રહેતી હૈ ઈસકો, ક્ષણે-ક્ષણે બહારમેં ઉપયોગ જાય તો ભી ભેદજ્ઞાનકી પરિણતિ રહતી હૈ ઈસકો. વિચાર નહીં કરના પડતા. સહજ રહતા હૈ. પહેલા એકત્વ હો જાય, પીછે વિચારે કે મેં જુદા હું, ઐસા વિચાર કર કે નહીં યે તો સહજ રહેતે હૈ. બહાર ઉપયોગ રહે પરિણતિ વિકલ્પમેં ફિર ભી ઈસકો ક્ષણે ક્ષણે ભેદજ્ઞાન રહેતા હૈ. ભેદજ્ઞાનમેં 'મૈં જ્ઞાયક હું'. ઐસી પરિણતિ સહજ રહેતી હૈ. જ્ઞાયકકી અંશે શાંતિ રહેતી હૈ ઈસકો.

એકત્વ નહીં હો જાતા હૈ. ઐસી દશા ઈસકી કોઈ જુદી જગતસે જુદી ન્યારી ઈસકી દૃષ્ટિ કી દિશા બદલ જતી હૈ. ૧૨.

*** પ્રશ્ન : જિસ સમય અંદર જાકે આનંદ હોતા હૈ, ઉસકી ક્યા ધારા હૈ ? ક્યા રૂપ હૈ ઉસકા ?**

● ઉત્તર : વિકલ્પ છૂટકર સ્વાનુભૂતિ જો આત્માકા સ્વરૂપ હૈ. વો ઉસમેં વેદનમેં આતા હૈ. ઈસકા કોઈ અપૂર્વ આનંદ હોતા હૈ. વચનમેં નહીં આતા હૈ. વો તો જો અનુભૂતિ હોતા હૈ વો જાનતા હૈ. વચનમેં નહીં આતા હૈ. ઈ તો કોઈ અપૂર્વ હૈ. ન્યારા હૈ જગતસે. ઈ દૃષ્ટિ આખી ઈસકી સ્વાનુભૂતિ વેદન પલટ જાતા હૈ. બહારકા ઉપયોગ નહીં, બહારકા કુછ ખ્યાલ નહીં હૈ. ઉસકો બાહર ક્યાં હોતા હૈ વો ધ્યાન નહીં રહેતા હૈ. વિકલ્પસે છૂટ જાતા હૈ ઔર સ્વાનુભૂતિમેં ભીતરમેં ચલા જાતા હૈ. ઔર ભીતર ગહરા ઊંડા ચૈતન્યમેં ચલા જાતા હૈ. ૧૩.

*** પ્રશ્ન : કીતને સમય ?**

● ઉત્તર : એ તો અંતરમુહૂર્ત રહતા હૈ. અંતર્મુહૂર્ત લંબા ટૂંકા (થોડા) અંતર્મુહૂર્ત હોતા હૈ. ઈસકી સ્થિતિ અંતર્મુહૂર્તકી હૈ. ૧૪.

*** પ્રશ્ન : ઇસમેં જીવ કે લિયે પુરુષાર્થ ક્યા ?**

● ઉત્તર : વે તો સહજ ભેદજ્ઞાનકી ધારા રહેતી હૈ ઈસકો. ઈ સહજ રહતી હૈ. બહાર આવે તો એકત્વ નહીં હોતા. ભિન્ન હી રહેતા હૈ. ઈસકી ધારા હી રહેતી હૈ. જ્ઞાતાધારા ઔર ઉદયધારા દોનોં ભિન્ન ચલતી હૈ. વો ઉસકા કારણ હૈ. ભેદજ્ઞાનકી ધારા ઈસકા કારણ હૈ. દ્રવ્ય પર દૃષ્ટિ રહેતી હૈ. ૧૫.

*** પ્રશ્ન : સમ્યક્દૃષ્ટિકી પહેચાન હો સકતી હૈ ક્યા ?**

● ઉત્તર : જો યથાર્થ જિસકો જિજ્ઞાસા હોતી હો. જિસકી દૃષ્ટિ ઔર આત્માકો પિછાનનેમેં જિસકી જિજ્ઞાસા લગતી હૈ વે યથાર્થ ક્યા સ્વરૂપ હૈ ? આત્મા ક્યા હૈ ? વો જ્ઞાની કૌન હૈ ? ઉસકા ક્યા સ્વરૂપ હૈ ? ઉસકી જિસકો જિજ્ઞાસા લગતી હો વો પીછાન શકતા હૈ. યથાર્થ

જિજ્ઞાસા હોની ચાહિયે તો પીછાન સકતા હૈ. ૧૬.

**✻ પ્રશ્ન : છઠ્ઠા ગુણસ્થાને દષ્ટિ અંદર ચૈતન્યમાં જ ?**

● ઉત્તર : દષ્ટિ તો ચૈતન્યમાં જ છે. ચોથે ગુણસ્થાને દષ્ટિ ચૈતન્યમાં છે અને છઠ્ઠે ગુણસ્થાને પણ દષ્ટિ ચૈતન્યમાં છે. છઠ્ઠે ગુણસ્થાને ઉપયોગ બહાર છે, પણ એમાં એની દષ્ટિ સાથે લીનતા વધારે છે. ચોથે ગુણસ્થાને દષ્ટિની સાથે એની લીનતા, સ્વરૂપ આચરણ ચારિત્ર જેટલું પ્રગટ થયું એટલી લીનતા છે. અને છઠ્ઠે ગુણસ્થાને એની લીનતા વધી ગઈ છે. દષ્ટિ સાથે લીનતા પણ છે. પણ બહાર ઉપયોગ ગ્યો છે એટલી લીનતા હજી કેવળજ્ઞાન નથી એટલે એટલી લીનતામાં ખામી છે પણ છઠ્ઠા ગુણસ્થાનની લીનતા તો છે. સવિકલ્પતામાં પણ દષ્ટિ છે એની સાથે લીનતા પણ છે. છઠ્ઠા ગુણસ્થાને એની ભૂમિકા—છઠ્ઠા ગુણસ્થાને છે માટે એટલી લીનતા સવિકલ્પતામાં પણ એટલી લીનતા છે પણ ઉપયોગ બહાર જાય, અંતરમાં જાય તો એ સાતમી ભૂમિકા થાય છે પણ સવિકલ્પતામાં પણ તેની છઠ્ઠી ભૂમિકા જેટલી નહીં. દષ્ટિ સ્થપાયેલી એટલી અને એની સાથે લીનતા પણ છે. એકલી દષ્ટિ છઠ્ઠે ગુણસ્થાને છે એમ નથી. એની સાથે લીનતા પણ છે. એટલી ચારિત્રની દશા છે. ૧૭.

**✻ પ્રશ્ન : આપ જે કહો છો કે પરિણતિ ગાઢ થતી જાય છે ને લીનતા વધતી જાય છે.**

● ઉત્તર : લીનતા વધતી જાય છે અને અમુક પ્રકારે લીનતા છઠ્ઠે ગુણસ્થાને છઠ્ઠી ભૂમિકાની લીનતા છે. એવી લીનતા છે કે ઉપયોગ અંતર્મુહૂર્ત બહાર જાય પછી અંતર્મુહૂર્ત પછી અંતરમાં આવે જ છે. એવી એની ઉગ્ર લીનતા એવી છે. વારંવાર ઉપયોગ બહાર, વારંવાર ઉપયોગ અંતરમાં આવે છે. અંતર્મુહૂર્તમાં એની પરિણતિ ચોથી ભૂમિકાએ અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે અંદરમાં નથી આવી શકતો કારણ એની ભૂમિકા અલગ છે. ને છઠ્ઠે સાતમે તો અંતર્મુહૂર્તમાં આવે છે અંતરમાં. ૧૮.

પ્રશ્ન : આ ચોથું (ગુણસ્થાન) છે, આ છઠ્ઠું છે એ ખબર કેવી રીતે પડે ? એની લીનતા ઉપરથી ખ્યાલ આવે?

● ઉત્તર : લીનતા ઉપરથી ખ્યાલ આવે. એની સ્વાનુભૂતિની દશા અને સવિકલ્પતાની લીનતા, અમુક પ્રકારની હોય છે. છઠ્ઠા ગુણસ્થાનની લીનતા પ્રગટ થાય તો એને ગૃહસ્થાશ્રમના વિકલ્પ પણ છૂટી જાય છે. મુનિની દશા પ્રગટ થાય છે છઠ્ઠે ગુણસ્થાને. ચોથે ગુણસ્થાનમાંથી, પાંચમી ભૂમિકા આવે ત્યારે એના વિકલ્પ ને અમુક પણ અમુક પ્રકારના થઈ જાય અને લીનતા પણ અંતરમાં વિશેષ વધી જાય છે. દૃષ્ટિની સાથે લીનતા વધી જાય છે. ૧૯.

✻ પ્રશ્ન : જેટલી નિર્વિકલ્પ દશા એટલી જ લીનતા થાય એવું નહીં ?

● ઉત્તર : નિર્વિકલ્પ દશા ઉપર એનું માપ છે પણ એની વર્તમાન જે લીનતા છે એની ઉપર એનું માપ છે. એની ભૂમિકા આખી પલટાઈ જાય છે. છઠ્ઠી ભૂમિકા થઈ. છઠ્ઠે સાતમે ગુણસ્થાને એની એવી દશા એની. વર્તમાન નિર્વિકલ્પ દશા તો વધતી ગઈ પણ વર્તમાન જે એની સવિકલ્પ ધારા છે. એની સવિકલ્પતામાં પણ એની લીનતા વિશેષ છે. ભેદજ્ઞાનની, જ્ઞાયકતાની, ઉગ્રતાની લીનતા વિશેષ છે. એને જે અમુક જાતના વિકલ્પ એ વિકલ્પ અમુક પ્રકારના જ આવે છે બસ ! લીનતા એકલી જ્ઞાયક જ્ઞાયકની વધી જાય છે સવિકલ્પતામાં પણ. ૨૦.

✻ પ્રશ્ન : છઠ્ઠે ગુણસ્થાને બે જીવો હોય તો બેની લીનતામાં ફેર હશે ને ?

● ઉત્તર : એની ભૂમિકા એક છે પણ ભૂમિકા પલટાય અને વર્તમાન એને તારતમ્યતા હોય. લીનતામાં તારતમ્યતા હોઈ શકે. સ્વરૂપાચરણ ચારિત્ર એ બેયમાં એની તારતમ્યતામાં ફેરફાર હોય. ૨૧.

✻ પ્રશ્ન : તો આ જ્ઞાન ચેતના ચોથા ગુણસ્થાનથી તેરમા

ગુણસ્થાન સુધી એક જ પ્રકારે હોય કે તેમાં તારતમ્યતામાં ફેર હોય ?

● ઉત્તર : જ્ઞાન ચેતના તો એક જ પ્રકારની છે. એ દૃષ્ટિની અપેક્ષાએ તો એક જ પ્રકારની છે કે જે જ્ઞાયક જ્ઞાયક જ્ઞાયક રૂપે પરિણમ્યો ને જ્ઞાયક ઉપર જે દૃષ્ટિ જામી એ જ્ઞાયકની જ્ઞાયકરૂપ પરિણતિ એ જાત તો એક જ છે. પણ એમાં લીનતા વધતી જાય છે. એની ગાઢપતા વધતી જાય છે એમ. જાત તો એક જ છે જે જ્ઞાન ચેતના ચોથા ગુણસ્થાનથી શરૂ થઈ એ જ જ્ઞાન ચેતના એમને એમ ચાલી આવે છે. પણ એમાં વિશેષ ઊગ્રતા થાતી જાય છે જ્ઞાન ચેતનાની અને કર્મચેતના ને કર્મફળ ચેતના જે છે તે ગૌણ થઈ ગઈ છે. ઈ એકદમ ઓછી થાતી જાય છે અને જ્ઞાયકની, જ્ઞાયકની પરિણતિ વધારે થાતી જાય છે. ગાઢપ થાતી જાય છે. એની લીનતા વધતી જાય છે. પહેલા સમ્યગ્દર્શન પૂરતી જે જ્ઞાયક ચેતના, જ્ઞાન ચેતના ઉપર આવી ગઈ છે. કર્મ ચેતના ને કર્મફળ ચેતના અનાદિના જે હતાં ઈ ગૌણ થઈ ગયા.

એટલે દૃષ્ટિ અપેક્ષાએ એ નથી ને જ્ઞાન ચેતના મુખ્ય થઈ ગઈ, પણ અલ્પ છે ખરા કર્મ ચેતના ને કર્મફળ (ચેતના) પણ એ ગૌણ છે. ઈ પછી જેમ લીનતા વધતી જાય એમ એ ઓછા થતા જાય છે અને જ્ઞાયકની જ્ઞાયકની ચેતના એ ઉગ્ર થતી જાય છે. ઈ ફેર ઈ પડે છે. બાકી દૃષ્ટિ અપેક્ષા એક જ જાતની છે. એમાં લીનતા વધતી જાય છે. જ્ઞાયકની પરિણતિ જ્ઞાયકરૂપે સમ્યગ્દર્શનમાં છે એનાથી પછી પાંચમે ગુણસ્થાને જાય તે વધારે ઉગ્ર ચારિત્ર અપેક્ષાએ વધારે ઊગ્ર થતી જાય છે ને કર્મફળ ચેતના ઘટતી જાય છે ને એકલી જ્ઞાયક ચેતના થઈ જાય છે. ૨૨.

* પ્રશ્ન : જે ભેદ પડે છે એ ચારિત્ર અપેક્ષાએ ?

● ઉત્તર : એ ચારિત્ર અપેક્ષાએ ભેદ પડે છે. ૨૩.

* પ્રશ્ન : આપે એમ ફરમાવ્યું કે ચોથે ગુણસ્થાને પરિણતિમાં સુખ નથી હોતું પણ શાંતિ હોય છે ?

● ઉત્તર : સુખ એટલે આનંદ. સુખ હોય છે. આનંદની પરિણતિ નિર્વિકલ્પદશામાં જે અનુપમ આનંદ હોય એ નિર્વિકલ્પદશામાં આવે છે. સવિકલ્પતામાં સુખ અને શાંતિ હોય છે. એને દુઃખ નથી હોતા. સમાધિ હોય છે. આકુળતા નથી હોતી. ચૈતન તરફની જ્ઞાયકની શાંતિ અને સુખ હોય છે. સુખ, શાંતિ અને આનંદ એ બેમાં ફેર છે. સુખ નથી એટલે દુઃખ છે એમ નથી. સુખ અને શાંતિ છે. જ્ઞાયકની ભેદજ્ઞાની ધારા વર્તે છે ને શાંતિ ને સુખ છે. દુઃખ નથી. સુખનું વેદન છે. સુખ સમાધિ છે એને.

ભેદજ્ઞાનની ધારા બધા વિભાવની બધી ધારાથી જુદો થઈ ગયો છે. ભલે અસ્થિરતાએ ઊભી છે. બધા આકુળતાની બધી પરિણતિથી એકદમ ન્યારો થઈ ગયો છે. અસ્થિરતા થાય છે પણ જ્ઞાયક ન્યારો થઈ ગયો છે. જ્ઞાયક ન્યારો થઈ ગયો. દૃષ્ટિની અપેક્ષાએ ન્યારો, જ્ઞાયકની પરિણતિ ન્યારી વર્તે છે તે એને સુખશાંતિ ને સમાધિ (વેદાય છે.) વિકલ્પ તરફનો ઉપયોગ એ છૂટીને નિર્વિકલ્પદશાનો જે આનંદ છે ઈ આનંદ નિર્વિકલ્પદશામાં જ હોય છે. એ બહાર ઉપયોગ ગયો ત્યારે એ આનંદ નહીં પણ સુખ, શાંતિ ને સમાધિ વેદાય છે. એકત્વબુદ્ધિની જે ભ્રાંતિની ધારા છે એમાં જે આકુળતાનું વેદન છે ઈ આકુળતા એને છૂટી ગઈ છે. જ્ઞાયકની જે જ્ઞાયકધારા છે એ જ્ઞાયકધારાની શાંતિ, સુખ, સમાધિ એને વેદાય છે. સુખ વેદાય છે. ૨૪.

✻ પ્રશ્ન : પરિણતિ ન્યારી એટલે રાગદ્વેષ કોઈ બીજું કરતું હોય એટલી હદ સુધી ન્યારો હોય ?

● ઉત્તર : રાગ દ્વેષ બીજું કરતું હોય એમ નહીં. રાગદ્વેષ પોતાનો સ્વભાવ નથી. રાગદ્વેષ હું છું જ નહીં. હું તો જ્ઞાયક છું. રાગદ્વેષ મારૂં સ્વરૂપ જ નથી. રાગની પરિણતિ ઉપર ઉપર છે. અંતર તળીયામાં તો હું જ્ઞાન, આનંદથી, શાંતિ–સુખથી ભરેલો જ્ઞાન આનંદથી ભરેલો આત્મા છું. એના તળની અંદર જ્ઞાયકની ધારા વર્તે

છે. રાગદ્વેષ કોક કરતું હોય એમ નહીં, ઉપર છે. એના મૂળની અંદર એના અસ્તિત્વ, જ્ઞાયકના અસ્તિત્વની અંદર જ્ઞાયકની ધારા, જ્ઞાતા, ઉદાસીન ધારા, સુખ ને શાંતિની ધારા વર્તે છે. કોક નથી કરતું. ઉપર ઉપર છે ને એકત્વબુદ્ધિ નથી. આત્મા ઉર્ધ્વ છે. ઓલું બધું ગૌણ થઈ ગયું. નીચે છે. પોતાના પુરુષાર્થની મંદતા એ થાય એનો એ જ્ઞાયક છે. પુરુષાર્થની મંદતાનો એને ખ્યાલ છે પણ એ ગૌણ તો, રાગદ્વેષની પરિણતિ ગૌણ થઈ ગઈ છે. બીજી અપેક્ષાએ ઉપર છે. એના મૂળની અંદર જ્ઞાયક છે. જ્ઞાયકની ધારા, જ્ઞાયક ચૈતન્યની પરિણતિ એને વેદાય છે. ૨૫.

**✻ પ્રશ્ન : જેમ અજ્ઞાનીને રાગદ્વેષનું દુઃખ લાગે ઈ (જ્ઞાનીને) પરિણતિ ન્યારો વર્તવાને કારણે એને એટલું દુઃખ ન લાગે.**

● ઉત્તર : એના તળની અંદર શાંતિ જ વેદાય છે. એકત્વબુદ્ધિની જે આકુળતા એ આકુળતા જુદી જ છે. એને શાંતિ જ નથી. એકત્વબુદ્ધિની એને બધી રીતે બધી મન, વચન, કાયા બધું એને એકત્વબુદ્ધિથી, એટલે એની આકુળતા જુદી છે. ઓલો બધેથી ન્યારો થઈ ગયો છે. માટે એને સુખ શાંતિ સમાધિ છે, ને જે આકુળતાની પરિણતિ ઉપર ઉપર વેદાય છે. તળની અંદર આકુળતા નથી વેદાતી. ૨૬.

**✻ પ્રશ્ન : ચોથું ગુણસ્થાન પ્રગટ થયું એટલે એને ઈ પ્રકારની શાંતિ તો વેદાવા માંડી.**

● ઉત્તર : હા. શાંતિ ને સુખ વેદાય છે. ૨૭.

**✻ પ્રશ્ન : પછી પરિણતિ ગાઢી થાતી જાય તો એમાં વધારે શાંતિ ને વધારે સુખ વેદાય ?**

● ઉત્તર : જેમ એની ધારા વધતી જાય. આમ તો ગુણસ્થાન ચોથું ને ચોથું જ છે. એમાં વિશેષ દશા થાય. સુખ શાંતિ વૃદ્ધિગત થતી જાય છે. એમાં ગુણસ્થાન બદલાય. પાંચમું ગુણસ્થાન આવે તો વધારે શાંતિ ને સુખ વેદાય છે અને નિર્વિકલ્પદશા વધતી જાય છે ને

અંતર વર્તમાન સવિકલ્પ દશામાં પણ શાંતિ, સુખની વૃદ્ધિ થાય છે. જ્ઞાયકધારાની વૃદ્ધિ થાય છે. સુખશાંતિની વૃદ્ધિ થાય છે. જેટલી ચારિત્રની દશા વધતી જાય સુખ શાંતિ વધતી જાય છે. ૨૮.

✻ પ્રશ્ન : એટલે ખરેખર તો પરિણતિનું ગાઢું થવું ઈ જ ચારિત્ર?

● ઉત્તર : લીનતા વધતી જાય છે. ચારિત્ર અંતર સ્વરૂપાચરણ ચારિત્ર પહેલા તો હોય છે. પછી પાંચમું ગુણસ્થાન થાય એટલું દેશચારિત્ર અને સર્વચારિત્ર. ગાઢું થવું પરિણતિની લીનતા વધતા જ્ઞાયકમાં પરિણતિની વિશેષ દૃઢતા ગાઢપતાને લીનતા એની વૃદ્ધિ છે. એટલી વિભાવ ધારા મંદ પડતી જાય છે. જેટલી અંદર લીનતા વધે એટલી વિભાવની ધારા મંદ પડે છે. પાંચમા ગુણસ્થાનના કેટલાક ક્રમ પડે છે. એની અમુક પડિમા ને એ બધું બહારનું છે. અંદરની શાંતિની ધારા વધતી જાય છે. ૨૯.

✻ પ્રશ્ન : ઓલું એકત્વ તો પહેલા છુટી ગયું ?

● ઉત્તર : એ તો પહેલાં જ છુટી ગયું. હવે લીનતા બાકી રહી છે. ૩૦.

✻ પ્રશ્ન : અને લીનતા વધી જાય એમ વિભાવ મંદ થાતા જાય ?

● ઉત્તર : હા. વિભાવ ધારા ઓછી થતી જાય. અંદર જ્ઞાયકની ધારા, જ્ઞાયકની પરિણતિ વિશેષ થાતી જાય. જ્ઞાયક તરફની લીનતા વધતી જાય. નિર્વિકલ્પદશા વધતી જાય. વર્તમાન સવિકલ્પતામાં જ્ઞાયકની વધારે ઉગ્રતા થાતી જાય છે. સવિકલ્પ-દશામાં પણ શાંતિ ને સુખ વૃદ્ધિગત થાય છે. ૩૧.

● બહેનશ્રી : ઉપશમ થઈને પડનારા ઓછા હોય છે. શાસ્ત્રમાં આવે છે અપ્રતિહત ધારાએ ચડનારા ઘણાં હોય છે. પડનારા ઓછા હોય છે. એટલે ઉપશમ થઈને એક વાર ફરે પણ પછી જે પડનારા ને પછી લાંબા ટાઈમે પ્રગટ કરનારા એવા બધા ઓછા આવે છે

શાસ્ત્રમાં. ૩૨.

● બહેનશ્રી : 'ક્ષપકશ્રેણી કરીને આરૂઢતા' એ આવે છે ને? ક્ષપકશ્રેણી એટલે એવી શ્રેણી ચડે આત્મા. પહેલા તો સમ્યગદર્શન થાય ત્યારે સ્વાનુભૂતિ થાય એ તો ઘણાં અંદરથી બહારમાં વિકલ્પ આવે તો પણ અંદરમાં ન્યારો ને ન્યારો રહે. જુદો ને જુદો જ આત્મા રહે. એવી ક્ષણે ક્ષણે એવી દશા થઈ જાય. જ્ઞાયક જ્ઞાયક એવી જ્ઞાતાધારા થઈ જાય. અંદર સ્વાનુભૂતિ થાય. કોઈ વાર લીન થઈ જાય. એમ કરતાં એમાં ગૃહસ્થાશ્રમમાં જ આગળ વધતો વધતો એની એવી ભાવના થઈ જાય કે હું આ બધું છોડીને મુનિ કેમ થાઉં? અને પછી મુનિ થઈ જાય ત્યારે અંદર આત્મામાં લીન થઈ જાય એ વારેવારે. યથાર્થ મુનિપણું. બહારથી છોડી દે, અત્યારે બધા છોડી દે એમ નહીં. યથાર્થ અંદર ભાવથી થઈ જાય. અંદર ગૃહસ્થાશ્રમમાં રહી જ ન શકે એવી એની દશા થઈ જાય. પછી અંદર આત્મામાં મુનિપણું લે અને આત્મામાં જાય એવું. ક્ષણે ક્ષણે આત્મામાં લીન થાય. ભગવાનના દર્શન કરે, દેવ, ગુરુ, શાસ્ત્રના વિચાર કરે, બીજુ તો એને બધું છુટી ગયું છે, એ કરે પણ અંદરમાં એ ક્ષણે ક્ષણે અંતર્મુહૂર્તે ક્ષણે ક્ષણે અંદર આત્મામાં વહ્યા જાય. સ્વાનુભૂતિમાં લીન થાય ક્ષણે ક્ષણે. હાલતા–ચાલતા બધી વાતે એટલા લીન થઈ જાય ક્ષણે ક્ષણે. સૂતા હોય તો એ ક્ષણે ક્ષણે અંતરમાં વયા જાય. એવી એની દશા થઈ જાય. આત્માની સ્વાનુભૂતિ વધે. એમ કરતાં કરતાં એવા લીન થઈ જાય ને કે એવી શ્રેણી ચડી જાય આત્માની લીનતામાં ક્ષપકશ્રેણી કહેવાય એવા લીન થઈ જાય. કર્મ બધા એની મેળે ક્ષય થવા માંડે. ક્ષપકશ્રેણી. કર્મ બધા એવા ક્ષય થાય કે ફરીને એનો ઉદય જ ન આવે એવા કર્મ ક્ષય થાય ને અંદરથી શ્રેણી એવી ચડે કે પાછા જ ન પડે. એવા સ્વાનુભૂતિમાં એવા લીન થઈ જાય કે પાછા ન આવે ને એવી લીનતામાં ને લીનતામાં સ્વાનુભૂતિમાં લીન થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે. એટલે પૂરા થઈ જાય. વીતરાગ દશા ક્ષપક શ્રેણીમાં એવા

ચડી જાય કે એના ફળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ જાય અને આત્મામાં લીન થઈ જાય. કેવળજ્ઞાન એટલે આખા લોકાલોકને જાણે અને આત્માને જાણે. બધાને જાણે એવું જ્ઞાન પ્રાપ્ત થાય અને અંદર પોતાની સ્વાનુભૂતિમાં લીન રહે. બહાર ન આવે, એની જાણવાની ઈચ્છાય ન હોય. સહજ જણાઈ જાય એવો આત્માનો સ્વભાવ છે. આત્માનો અપૂર્વ આનંદ પ્રાપ્ત થાય. આત્માનું જ્ઞાન પ્રાપ્ત થાય. પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય. આત્મજ્ઞાન તો ગૃહસ્થાશ્રમથી હોય, પણ કેવળજ્ઞાન થઈ જાય છે. ક્ષપકશ્રેણી. એવી શ્રેણી ચડી જાય કે અંદર, પછી બહાર જ ન આવે, લીન થઈ ગયા તે થયાં બસ! કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ જાય અને આત્માના આનંદમાં. પછી આવે છે ને સાદિ અનંત સમાધિ સુખમાં, બસ ! સમાધિ સુખમાં અનંતકાળ સુધી રહે. ૩૩.

✽ પ્રશ્ન : એને જ વીતરાગતા હોય ?

● ઉત્તર : હા! ક્ષપક શ્રેણી ચડે ને પછી વીતરાગતા (હોય.) ૩૪

✽ પ્રશ્ન : ભાવ પલટાઈ ગયો હોય, પાંચમું આવી ગયું હોય ને સાતમું, છઠ્ઠું આવી ગ્યું હોય તો બહુ ફરક પડે ?

● ઉત્તર : ગૃહસ્થાશ્રમમાં વિકલ્પ અમુક જાતના મર્યાદિત થઈ જાય. પાંચમું આવે, એના છઠ્ઠા સાતમામાં બહાર દેખાય એવી રીતે ન આવે. ૩૫.

✽ પ્રશ્ન : વિકલ્પ ઉપરથી ખ્યાલ આવી જાય કે આ પાંચમું આવ્યું લાગે છે ?

● ઉત્તર : એની ભૂમિકા પલટાય એટલે એની અમુક ત્યાગની અમુક જાતની પરિણતિ અંશે આવે, ત્યાગ એટલે એની અમુક પ્રકારની એની મર્યાદિત અમુક જાતનું થઈ જાય, ઈ પોતે જ સમજી શકે છે. બહારવાળાને એ પાંચમાની ન બહુ ખબર પડે. છઠ્ઠા સાતમામાં મુનિદશા આવે ત્યારે એને ખબર પડે. બહારમાં પાંચમામાં કાંઈ અમુક બહારની ક્રિયાઓ કરે એટલા પૂરતી ખબર

પડે. અંતરની દશાને તો પોતે જ જાણે. બહારની ક્રિયાઓ તો ઘણાને અંતરમાં કાંઈ હોતું નથી તોયે બહારની ક્રિયાઓ કરે છે. ૩૬.

✻ પ્રશ્ન : જે ધર્માત્મા મુમુક્ષુઓનો ઉપયોગ બહાર રહે છે, તેમ જ્ઞાની પુરુષો એટલે કે અવિરતી સમ્યગ્દષ્ટિ આખો દિવસ શું કરતા હશે? જેમને કંઈ પરમાં કરવાનું તો રહ્યું નથી તો પછી સમય કેમ વ્યતીત થતો હશે? તે કૃપા કરીને સમજાવો.

● ભક્તિ : સુખધામ અનંત સુસંત ચહી,
દિનરાત રહે તદ્ ધ્યાન મહીં,
પરશાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વરતે જય તે. (૨)

● ઉત્તર : બહારથી કાંઈ કાર્ય કરવાનું હોય તો સમય વ્યતીત થાય એવી જાતનું કાંઈ નથી. સમ્યગ્દષ્ટિને તો અંતરમાં જ્ઞાયકની પરિણતિ પ્રગટ થઈ છે. જ્ઞાયકની પરિણતિ. જ્ઞાતાની ધારા ચાલે છે એ તો ક્ષણે ક્ષણે પુરુષાર્થની દોરી સાધનાની પર્યાય ચાલી રહી છે. ક્ષણે ક્ષણે જે વિભાવ આવે એનાથી છૂટો પડીને જ્ઞાયકની ધારા, જ્ઞાયકની પરિણતિ ચાલુ જ છે. પુરુષાર્થની દોરી ક્ષણે ક્ષણે ચાલુ છે અને સહજ જ્ઞાતાધારા ચાલી રહી છે. અને કાર્ય આખો દિ' શું કરતાં હશે? આત્માનો તો નિવૃત્ત જ સ્વભાવ છે. એને વિભાવનું વિભાવમાં કાંઈક કરે અને બહારનું કાંઈક કરે તો એનો ટાઈમ પસાર થાય એવું નથી. અંતરમાં કર્તા, ક્રિયા, કર્મ આત્મામાં છે. બહારનું કાંઈ કરી શકતો જ નથી. બહારનું કરવાનું અભિમાન માત્ર જીવે કર્યું છે કે હું બીજાનું કરી શકું છું. બાકી અંતરમાં એની આત્માની સ્વરૂપ પરિણતિની ક્રિયા અને એનું કાર્ય એને ચાલુ જ છે. અને ક્ષણે ક્ષણે ભેદજ્ઞાનની ધારા ચાલુ જ છે. કોઈ કોઈ વાર સ્વાનુભૂતિની-વિકલ્પ છૂટીને સ્વાનુભૂતિ પ્રગટ થાય છે અને ભેદજ્ઞાનની ધારા ચાલુ જ છે. ખાતાં, પીતાં, સૂતાં, સ્વપ્નમાં એને જ્ઞાયકની ધારા ચાલુ છે. બાકી એ તો ગૃહસ્થાશ્રમમાં કે બહારના કાર્યમાં જોડાય પણ એની જ્ઞાતાધારા

ચાલુ છે. બહારથી કાર્ય કરતા દેખાય છે તો પણ અંતરથી તો જ્ઞાયક જ રહે છે. એ કાંઈ અંતરમાં એ જ્ઞાયક થઈ ગયા એટલે કર્તા નથી એટલે એનો સમય વ્યતીત થાતો નથી એવો અર્થ નથી.

એ વિભાવના કાર્યમાં જોડાય તો સમય વ્યતીત થાય એ તો આકુળતા છે. અંતરમાં નિવૃત્ત પરિણતિ, શાંતિમય પરિણતિ એમાં જ એને સુખ લાગે છે. બહારમાં ક્યાંય સુખ લાગતું નથી, તો ગૃહસ્થાશ્રમ છે. મુનિઓને તો અંતરમાં તો અકર્તા છે જ અને ચારિત્રની અપેક્ષાએ પણ એને બહારનું બધું છૂટી ગયું છે. કેટલુ શાસ્ત્રમાં આવે છે. મુનિઓ કાંઈ અશરણ નથી. બહારના પંચ મહાવ્રતના જે પરિણામો શુભ છે, ઈ પણ એનાથી પણ એની પરિણતિ છુટ્ટી રહે છે, અને જ્ઞાતા ધારા મુનિઓની છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝૂલતા સ્વરૂપમાં ક્ષણે ક્ષણે સ્વરૂપમાં લીન થાય છે. સ્વાનુભૂતિની દશા. તે મુનિઓ કાંઈ અશરણ નથી ને એને આત્માનું શરણ પ્રગટ થયું છે. મુનિઓનો આખો દિવસ કેમ જાતો હશે ? તેઓ તો આત્મામાં લીન રહેતા હોય છે. આમાં સમ્યગ્દષ્ટિને તો બહાર અમુકના કાર્ય હોય તો પણ તેને અંતરના કાર્યો—અંદર જ્ઞાતાની ધારા ચાલુ છે. ક્ષણે ક્ષણે જે આ વિભાવની પરિણતિ થઈ રહી છે એમાંથી ક્ષણે ક્ષણે એની છૂટ્ટી પરિણતિ ચાલ્યા જ કરે છે. કાંઈ અશરણ નથી. એણે આત્માનું શરણ લીધું છે. આત્મામાં જ બધા એને તો સુખ, શાંતિ અને સ્વાનુભૂતિનું કાર્ય ચાલે છે. આત્માની નિર્મળતા કેમ વિશેષ પ્રગટ થાય એની સહજ દશા અને એની વિશેષ પુરુષાર્થની દોરી ચાલ્યા કરે છે. સિદ્ધભગવાનને બધું છૂટી ગયું ને સિદ્ધ ભગવાન શું કરતા હશે આખો દિવસ રાત? એવો અર્થ નથી. સિદ્ધ ભગવાન તેને અનંત ગુણ પર્યાયો છે એ અનંત ગુણ પર્યાયોમાં પરિણમન કર્યા કરે છે. ઈ પોતે કર્તા, ક્રિયા ને કર્મ બધું અંતરમાં પ્રગટ થયું છે અને ઈ સહજ છે. આકુળતારૂપ નથી. એકદમ નિવૃત્ત સ્વભાવ આત્માનો છે, અને તો પણ તેમાં કર્તા, ક્રિયા અને કર્મ સિદ્ધ ભગવાનને પોતે જે

ગુણો છે એ ગુણનું કાર્ય ચાલ્યા જ કરે છે. જ્ઞાન જ્ઞાનનું કાર્ય કરે છે. આનંદ આનંદનું. એવા અનંતગુણો અનંતગુણોના કાર્ય કરે છે. તો પણ એની પરિણતિ નિવૃત્તિમય છે. સિદ્ધ ભગવાન આખો દિવસ શું કરતા હશે? એ આત્મામાં લીન રહે છે. અદ્ભૂત અનુપમ દશામાં રહે છે. એમાં સંતુષ્ટ છે. એમાં તૃપ્ત છે, એમાં એને આનંદ છે, બહાર જવાનું મન પણ થતું નથી. એમ સમ્યગ્દષ્ટિને તો હજી અધૂરી દશા છે. ભેદજ્ઞાનની ધારા વર્તે છે. એને એમ નથી થાતું કે હું જ્ઞાતા થઈ ગયો. હવે દિવસ કેમ જાય? પણ એમાં એ સંતુષ્ટ છે. એમાં એને તૃપ્તિ છે. એને ક્યાંય બહાર જાવાનું મન થતું નથી. કોઈ કાર્યમાં જોડાવાનું મન એને, કર્તાબુદ્ધિએ ક્યાંય જોડાવાનું મન થતું નથી, અને આત્મામાં સંતોષ છે. આત્મામાં તૃપ્તિ છે. આત્મામાં શાંતિ છે એને ક્યાંય બહાર જવાની અંતરથી સ્વામીત્વ બુદ્ધિએ જાવાની ઈચ્છા ક્યાંય થતી નથી. અસ્થિરતાએ જવાય છે તો જવાય છે. બાકી મુનિઓને પણ બધું છૂટી ગયું. નિવૃત્તિમય પરિણતિ મુનિને તો વિશેષ છે. વળી એમાં એ ક્યાંય થાકતાં નથી અને બહાર જાવાનું મન થતું નથી. હું તો આત્મામાં જ કેમ રહી જાઉં? આ સ્વાનુભૂતિ દશા ક્ષણે ક્ષણે બહાર આવવું પડે છે. એના કરતાં અંતરમાં શાશ્વત કેમ રહી જાઉં? મુનિઓને એવી જાતની ભાવના હોય છે. એમાં જ એને તૃપ્તિ અને આનંદ છે. બહાર જવાનું ક્ષણે ક્ષણે બહાર જવાય છે. તો બહાર કેમ ન જવાય? એવી એની ભાવના રહે છે. બહાર જાવું રૂચતું નથી. આત્માનું સ્થાન છોડીને આત્માનું જે અનંત આનંદનું ધામ અને અનંત સુખનું ધામ. એ આત્માનો બાગ છોડીને ક્યાંય બહાર જવાનું મન થાતું નથી. એમનો આખો ટાઈમ આત્મામાં જ પસાર થાય. ને સમ્યગ્દષ્ટિ તો, જ્ઞાયકની ધારા એને પ્રગટ છે અને પુરુષાર્થની દોરી ચાલુ છે. ટાઈમ કેમ પસાર થાય? એવો એને પ્રશ્ન થાતો જ નથી. આ માર્ગે બધા અનંતા જીવો, અનંતા સાધકો આ રીતે જ મોક્ષ પામ્યા છે. આવી જ રીતે. એ ક્યાંય બહાર જાવાનું મન થતું નથી.

પ્રવૃત્તિ બહારની તો ઉપાધિ ને બોજો છે. એ કંઈ આત્માનો સ્વભાવ નથી, તોયે એને કર્તાબુદ્ધિ માની છે. એટલે અસ્થિરતાને લઈને કયાંય સ્થાન એણે આત્માને ગ્રહણ કર્યો નથી. સ્વઘર જોયું નથી એટલે બહાર ભમ્યા ફરે છે અનાદિથી. આત્માનું એક મૂળસ્થાન આત્મા એને ક્યાંય બીજા ઘરમાં જાવાનું મન નથી થાતું. અસ્થિરતાને લઈને જોડાય છે. ૩૭.

✻ પ્રશ્ન : અસ્થિરતા તો છે, પણ પરમાં જોડાય ત્યારે પણ એને રૂચતું નહીં હોય પરમાં જોડાવાનું ?

● ઉત્તર : એને રુચિ નથી અંતરમાં કે આ અસ્થિરતા, આ પુરુષાર્થની મંદતાને લઈને બહાર જવાય છે. અંતરમાં પૂરું ઠરી શકાતું નથી. અંતરમાંથી બહાર આવી જવાય છે. એ અંતરમુખની દશામાંથી અંતર્મુખની સ્થિતિમાંથી બહાર આવે છે અને આ સવિકલ્પ દશામાં આવે છે. રૂચતું નથી. તો પણ પુરુષાર્થની મંદતાને લઈને આવી જવાય છે. અને આ બહારના કાર્યમાં જોડાય છે ગૃહસ્થાશ્રમના. દરેક કાર્ય, શુભાશુભ દરેક કાર્યમાં જોડાય પણ એની રુચિ તો આત્મામાં જવાની જ હોય છે. મારે જ્ઞાયકની ધારા કેમ વિશેષ પ્રગટ થાય? વિશેષ લીનતા કેમ પ્રગટ થાય? એવી એની ભાવના રહે છે. એની પ્રગટ, એની વિશેષ પરિણતિ કરવાની બાકી રહી છે. બાકી એને આત્મા એની હથેળીમાં દેખાય છે. ભેદજ્ઞાનની ધારા પ્રગટી છે. જ્ઞાયકની ધારા સ્વભાવ તરફ દૃષ્ટિ ગઈ, સ્વભાવ તરફ જ્ઞાન ગયું, એની સ્વાનુભૂતિ થઈ એટલે કેવળજ્ઞાન એના હાથમાં, એમ હથેળીમાં છે. પૂર્ણતા-પૂર્ણ સ્વરૂપ એને એના જ્ઞાનમાં ને દૃષ્ટિમાં આવી ગયું છે. એના વેદનમાં એનો અંશ આવી ગયો છે. ૩૮

✻ પ્રશ્ન : મુનિ મહારાજ શ્રેણી માંડે તો ત્યારે તો નિર્વિકલ્પ દશા થાય ? ઉપયોગ અંદર રહે. કેવળજ્ઞાન થાય ત્યારે શું ફરક પડે ?

● ઉત્તર : શ્રેણી માંડે તો નિર્વિકલ્પદશાની ઉગ્રતા છે. કેવળ

જ્ઞાન થાય ત્યારે વીતરાગતા પૂર્ણ થાય છે અને જ્ઞાનની પરિણતિ, પ્રત્યક્ષ પરિણતિ થઈ જાય છે. કેવળજ્ઞાન થાય ત્યારે એની જે જ્ઞાનની પરિણતિ હતી તે પરોક્ષરૂપે હતી તે પ્રત્યક્ષરૂપે થઈ જાય છે. એનું જે મનનું અવલંબન જરા હતું એ પણ છૂટીને જ્ઞાન પરિણતિ એટલે કેવળજ્ઞાન થાય એટલે જ્ઞાન પરિણતિ પ્રત્યક્ષ થઈ જાય છે. વીતરાગ દશા પ્રત્યક્ષરૂપે વેદનમાં આવી જાય છે. એ વીતરાગદશાની ખામી હતી. શ્રેણી જ્યારે માંડી ત્યારે નિર્વિકલ્પ દશા હતી પણ વીતરાગ દશાની ખામી હતી. અગિયારમા ગુણસ્થાને ઉપશાંત છે. બધું ઠરેલું છે. ક્ષીણમોહમાં ક્ષય થાય છે, પણ વીતરાગદશાની ખામી છે. કેવળજ્ઞાન થાય ત્યારે વીતરાગદશા પૂરી થઈ જાય છે. એકદમ વીતરાગદશાની પૂર્ણતા થાય છે. ચારિત્ર પૂરું થઈ જાય છે. એ હવે રાગનો અંશ હવે ઉત્પન્ન થવાનો નથી. અબુદ્ધિમાં પણ નથી. અબુદ્ધિમાંથી પણ છૂટી જાય છે. અબુદ્ધિમાંય રાગ રહેતો નથી. એવી વીતરાગદશાની પૂર્ણતા. એકદમ હવે અંદર ગયો તે બહાર નથી આવતો. એવી વીતરાગ દશાની પૂર્ણતા થઈ જાય. એ વીતરાગ દશાની સાથે જ્ઞાન પણ પૂર્ણ થઈ જાય એવો એનો સંબંધ છે. વીતરાગદશાની પૂર્ણતા અને જ્ઞાનની પૂર્ણતા થઈ જાય. જ્ઞાન ઉપયોગાત્મકપણે પ્રત્યક્ષ પરિણમવા માંડે એ છે. જેમ વીતરાગતા થાય છે તેમ. પૂર્ણ વીતરાગતા, બધું ક્ષય થઈ જાય છે. એક રાગનો એક પણ અંશ ઉદ્ભવતો નથી. શુદ્ધના ચિંતવન તરફ જે જાતો 'તો, એની પરિણતિ. ઉપયોગ તો એમાં અબુદ્ધિપૂર્વક છે. તો પણ એટલો પણ છૂટીને એકદમ વીતરાગદશા થઈ જાય છે. એકદમ શાંતરસ એકદમ થઈ જાય છે. એની સાથે જ્ઞાન પણ પ્રત્યક્ષરૂપે થઈ જાય છે. ક્યાંય બહાર જોવા નથી જાતાં. પણ જ્ઞાનસ્વરૂપ જે આત્મા છે તે પ્રગટ ઉપયોગાત્મકપણે સહજ થઈ જાય છે. જોવા ક્યાંય જાતા નથી. વીતરાગદશાની પૂર્ણતા એટલે કેવળજ્ઞાન પૂર્ણ થયું. જ્ઞાન પૂર્ણ થઈ જાય છે. એની સાથે બધું પૂર્ણ થઈ જાય છે. જે ગુણોની અધૂરાશ હતી

તે બધું પૂરું થઈ જાય છે. પરમ અવગાઢતા થઈ જાય છે. પરમ અવગાઢ સમ્યગ્દર્શન, જ્ઞાન, દર્શન ચારિત્ર બધું પુરું થઈ જાય છે. અનંતચતુષ્ટય પૂરા થઈ જાય છે. ૩૯.

*** પ્રશ્ન : ઉપયોગ અંદર હતો એ તો અંદર જ રહે ને?**

● ઉત્તર : અંદર જ રહ્યો બહાર ઉપયોગ આવ્યો જ નહીં. અંદર જામી ગયા. જામી ગયા તે જામી ગયા. પાછા આવ્યા જ નહીં. અંદર ને અંદર. શ્રેણી માંડી ત્યાંય બુદ્ધિપૂર્વક અંદર વિકલ્પ એકાદ, બાકી ઉપયોગ અંદર જ હતો. એ એની વિશેષે એકદમ જમવટ થાતાં થાતાં એને એક અંતર્મુહૂર્તે શ્રેણી ચડી ગયા અને વીતરાગદશા પૂર્ણ ઉપયોગ અંદર જ રહી ગયો. જે ઉપયોગ, જે રીતે સ્વાનુભૂતિમાં કામ કરતો હતો એ સ્વાનુભૂતિમાં પ્રત્યક્ષપણે થઈ ગયો. વીતરાગદશાની પૂર્ણતા થઈ. એને જોવાની કાંઈ ઇચ્છા નથી. વીતરાગ દશાની પૂર્ણતા અને પ્રગટ ઉપયોગાત્મક જ્ઞાન થઈ જાય છે. એક એક જ્ઞેયને જાણવા જાવું પડતું નથી. સહજ પ્રત્યક્ષ થઈ જાય છે. ૪૦.

*** પ્રશ્ન : ઉપયોગ અંદર જ રહે છે તો પણ લોકાલોક જણાય છે ?**

● ઉત્તર : ઉપયોગ કાંઈ બહાર નથી મૂકવો પડતો લોકાલોક જાણવા માટે. ઉપયોગ તો અંદર સ્વાનુભૂતિમાં જ લીન થઈ ગયો. ઉપયોગ બહાર જાતો નથી. સ્વાનુભૂતિમાં ઉપયોગ લીન છે. એમાં આ પ્રત્યક્ષ પરિણતિ થઈ જાય છે. જે પરોક્ષરૂપે હતી તે પ્રત્યક્ષ થઈ જાય છે. વીતરાગદશાની પૂર્ણતા અને જ્ઞાનની પૂર્ણતા. જેવો આત્મા છે સ્વભાવે તેવો જ આત્મા એમને એમ રહી જાય છે. એ બહાર જાતો હતો તે બહાર જવાનું છૂટી ગયું. જેવો આત્મા છે તે પ્રગટપણે પરિણમનરૂપે પ્રત્યક્ષ થઈ જાય છે. જેવો છે તેવો ચૈતનઘન આત્મા, ઘન સ્વરૂપ આત્મા જેવો છે તેવો પોતે પ્રગટપણે પરિણમે છે. અનંતગુણ પર્યાયમાં પોતે પરિણમે છે. અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત સુખ, અનંત બળ જે અનંત અનંત ગુણો જે છે એ રીતે પોતે

પ્રત્યક્ષપણે પરિણમી જાય છે. બહાર ઉપયોગ લોકાલોકથી બહારનું જાણે એટલે એને વિશેષતા એમ નથી. પોતે પોતામાં લીન થઈ જાય છે. પછી તો એનો સ્વભાવ છે એ સહજ જણાય છે. એક સમયની અંદર બધું જાણે એવો ઉપયોગ જે અંતરર્મુહૂર્તનો ઉપયોગ હતો, જે અંતરમુહૂર્તે જણાય, એના બદલે એક સમયમાં જાણે એવો એનો ઉપયોગ થઈ જાય છે. એક સમયમાં જણાઈ જાય એવો ઉપયોગ થઈ જાય છે.

મન સાથે આવતું હતું બુદ્ધિપૂર્વકમાં એટલે અંતર્મુહર્તે જાણવામાં લાગતું. મન છુટી ગયું. સહજ જ્ઞાન થઈ ગયું એટલે એક સમયની અંદર બધું જણાઈ જાય છે. પોતાનું સ્વરૂપ સ્વાનુભૂતિનું જે પોતે જે રૂપે પરિણમે છે પ્રત્યક્ષપણે ઉપયોગાત્મકપણે જ્ઞાનમાં આવે છે અને બીજું—બહારના જ્ઞેયો પણ આવી જાય છે સાથે સાથે અનંતા સિદ્ધો, અનંતા સાધકો, અનંતા જે સંસારી બધા જેમ છે એમ અનંતા જડ દ્રવ્ય બધું સહજ જણાઈ જાય છે.

એમાં એને ક્યાંય વિકલ્પ નથી. પોતાની સ્વાનુભૂતિ પ્રધાન પોતાનો ઉપયોગ છે. ઓલું બધું એમાં જણાય જાય છે. પેલું આવે છે ને! 'અણુ રેણુવત' ક્યાં છે લોકાલોક એ અણુ ને રેણુ છે. એને કોઈ બોજો નથી. એને કાંઈ એને મહત્વ નથી. પોતે સ્વાનુભૂતિમાં પ્રત્યક્ષરૂપે પરિણમી જાય છે વીતરાગ દશાએ. ૪૧.

* પ્રશ્ન : અનંતી વધી જતી હશે?

● ઉત્તર : અનંત ગણો આનંદ વધી જાય છે. પછી પલટાતો નથી. બહાર જાતો નથી. એને ઉપયોગનો ફેરફાર થાતો નથી. અનંત ગુણો વધે છે તે બધો અનંત વધે. વીતરાગ દશા અનંતી, આનંદ અનંતો, જ્ઞાન અનંતું, બધું અનંતું એની પરિણતિ અનંત ગુણી વધી જાય છે. જે સ્વભાવ હતો તે રૂપે અનંત, અનંતતા પ્રગટી જાય છે. ૪૨

✻ પ્રશ્ન : અંદર નિર્વિકલ્પ ઉપયોગ વધુમાં વધુ કેટલો રહે ?

● ઉત્તર : ઈ ક્યાંય કાળનો નિયમ નથી આવતો. શ્રેણી માંડ્યા પહેલાને એ તો અંતર્મુહૂર્તનો એનો કાળ છે. પછી કેટલો અંતર્મુહૂર્ત એ કાંઈ શાસ્ત્રમાં આવતું નથી. અંતર્મુહૂર્તનો કાળ છે. ક્ષણે જાય ને આવે, જાય ને આવે. આવે છે ને હજારો વાર આવ જા કરે છે. ૪૩.

✻ પ્રશ્ન : વધારે વખત ટકી ન શકે?

● ઉત્તર : એકદમ ઉપયોગની ઝડપ થઈ જાય છે. શ્રેણી માંડે છે. એકદમ અંદર જામી જવાની ઝડપ છે. એકદમ ઉપયોગ અંદર એકદમ ઝડપથી હજારો વાર આવ જા કરે છે. ૪૪.

✻ પ્રશ્ન : ઝડપથી આવે છે ?

● ઉત્તર : શ્રેણી માંડ્યા પહેલાં. શાસ્ત્રમાં ઈ આવે છે. બાકી મુનિઓનું આવે છે. હજારોવાર આવ જા કરે છે એમ (આવે છે.) શાસ્ત્રોમાં. એ તો શાસ્ત્રમાં જે હોય એ પ્રમાણે, એ તો કાળની વાત છે ને, શાસ્ત્રમાં હોય એ પ્રમાણે એનું માનવાનું હોય છે. મુનિઓની દશાની વાત છે. ૪૫.

✻ પ્રશ્ન : શ્રેણી માંડવાના હોય એ પહેલા એની ઝડપ વધવા લાગે છે?

● ઉત્તર : એવું આવે છે શાસ્ત્રોમાં. (એમાં પણ ઝડપ વધતી હશે?) એવું કાંઈ શાસ્ત્રમાં આવતું નથી. જેટલું શાસ્ત્રમાં આવે એટલું માનવાનું. એ તો અબુદ્ધિપૂર્વક છે. એ તો કેવળજ્ઞાનીએ જે કીધું એ પ્રમાણે માનવાનું હોય છે. એ તો તર્કમાં અમુક રીતે બેસાડી શકાય કારણ કે એ તો એકદમ અંતર્મુહૂર્તનો તો એકદમ સૂક્ષ્મ ઉપયોગ હોય છે. ૪૬.